## હરિની દ્રષ્ટિ...


- હરિન ભટ્ટ




મે મારા બધા બોયફ્રેન્ડને બ્રેકઅપ પછી ભાઇ બનાવી દીધા છે... આજે હું એ બધાને મળવા જવાની છું...!!

# આજે વિશ્વ થાઈરોઈડ દિવસ

## શહેરમાં થાઈરોઈડના દર્દીઓ વધ્યા જેમાં મહિલાઓમાં આ સમસ્યા વધારે છે



૨૫ મે ના રોજ વિશ્વ થાઈરોઈડ દિવસની ઉજવણી કરવામાં આવે છે જે થાઈરોઈડના રોગ અંગે નાગરિકોને જાગૃત કરવા માટે ઉજવવામાં આવે છે. શહેરમાં થાઈરોઈડની સમસ્યા આજકાલ ખૂબ જ વધી ગઈ છે. મહિલાઓમાં આ સમસ્યા વધુ જોવા મળે છે. થાઈરોઈડ ગ્લેન્ડમાં હોર્મોનનું સંતુલન બગડી જવાને કારણે આ સમસ્યા થાય છે. સાથે જ વધતી ઉંમરની સાથે મહિલાઓમાં થાઈરોઈડનો ખતરો પણ વધી જાય છે.

મહિલાઓને થાઈરોઈડની સમસ્યા હેલ્ધી કાર્બોહાઈડ્રેટ્સ ન લેવાથી, વધુ મીઠું અથવા સી ફૂડ અને હાશિમોટો રોગને કારણે થઈ શકે છે. આ સિવાય શરીરમાં આયોડીન અને વિટામિન બી-૧૨ની કમીને કારણે પણ મહિલાઓમાં થાઈરોઈડનો ખતરો વધી જાય છે.

થાઈરોઈડ ગ્રંથિથી મેટાબોલિઝ્મ રેટ બહુ જ પ્રભાવિત થાય છે. જેના કારણે ભોજન પૂર્ણ રીતે એનર્જીમાં પરિવર્તિત થતું નથી અને શરીરમાં ફેટ જમા થવા લાગે છે. ઘણાં લોકોમાં તેની વિપરિત અસર જોવા મળે છે અને વજન ઝડપથી ઘટવા લાગે છે. આવી કોઈ સમસ્યા જણાય તો તરત જ ચેકઅપ કરાવવું જોઈએ.

### થાઈરોઈડ બે પ્રકારના છે

**હાઈપરથાઇરાઇડીઝમ**

લક્ષણ : વજન ઘટવું, હાથ કાંપવા, ગરમી સહન ન થવી, સરખી ઊંઘ ન આવવી, તરસ લાગવી, વધારે પરસેવો થવો, ઝડપથી હૃદય ધબકવું, અશક્તિ, ચિંતા અને અનિન્દ્રા.

**હાઇપોથાયરાયડિઝ્મ**

લક્ષણ : કામમાં આળસ આવવી, થાક લાગવો, કબજિયાત, હૃદયના ધબકારાની ગતિ ધીમી થવી, ઠંડી લાગવી, સુકી ત્વચા, વાળ શુષ્ક થવા, મહિલામાં અનિયમિત માસિક ચક્ર, ઈન્ફર્ટિલિટીના લક્ષણ વગેરે.

### થાઈરોઈડમાં ઉપયોગી ઘરેલુ ઉપચાર :

**આદુ**

આદુમાં રહેલા પોટેશિયમ, મેગ્નેશિયમ વગેરે થાઈરોઈડની સમસ્યાથી છૂટકારો અપાવે છે. આદુમાં એન્ટી-ઈન્ફ્લેમેટરી ગુણ થાઈરોઈડને વધારતા અટકાવે છે અને તેની કાર્યપ્રણાલીમાં સુધાર લાવે છે.

**દૂધ અને દહીંનું સેવન**

થાઈરોઈડની સમસ્યાથી પીડાતા લોકોને દહીં અને દૂધનો વધુમાં વધુ ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે. દૂધ અને દહીંમાં રહેલ કેલ્શિયમ, મિનરલ્સ અને વિટામિન થાઈરોઈડથી પીડાતા લોકોને સ્વસ્થ બનાવી રાખે છે.

**અળસીના બી**

અળસીના બી ફેટી એસિડથી ભરપૂર હોય છે જે આપણા હૃદય માટે સ્વાસ્થ્યવર્ધક તો છે જ પરંતુ થાઈરોઈડની સમસ્યા માટે પણ ફાયદાકારક છે. તેમાં રહેલા મેગ્નેશિયમ અને વિટામિન બી ૧૨ હાઈપોથાયરાયડિઝ્મથી લડે છે.

**નારિયેળના તેલ**

નારિયેળના તેલમાં ફેટી એસિડ હોય છે, જે થાઈરોઈડ ગ્રંથિને તેના કામકાજમાં મદદરૂપ થાય છે. નારિયેળના તેલનો મર્યાદિત ઉપયોગ વજન ઘટાડવામાં પણ મદદરૂપ થાય છે. જે શરીરમાં મેટાબૉલિઝ્મ વધારે છે અને શરીરનું તાપમાન સંતુલિત રાખે છે.

**મુલેઠી**

થાઈરોઈડના દર્દીઓને થાક જલ્દી લાગી જાય છે એવામાં મુલેઠીનું સેવન કરવું તેમના માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. મુલેઠીમાં રહેલ તત્ત્વ થાયરોઈડ ગ્રંથિને સંતુલિત રાખે છે. તે તમારી થકાવટને ઊર્જામાં ફેરવી દે છે. થાઈરોઈડની સમસ્યામાં મુલેઠી કેન્સરના જોખમને પણ ઘટાડી દે છે.


**અનાજ**

જવ, ઘઉં અને સાબૂત અનાજથી બનાવવામાં આવેલા પદાર્થોનું સેવન કરવાથી થાઈરોઈડની સમસ્યા સર્જાતી નથી. અનાજમાં ફાઈબર, પ્રોટીન અને વિટામિન્સ વગેરે ભરપૂર પ્રમાણમાં હોય છે જે થાઈરોઈડને વધતા રોકે છે. ઘઉં અને જુવાર સાયનસ, હાઈ બ્લડપ્રેશર અને લોહીની ઊણપ જેવી સમસ્યાઓને અટકાવવામાં પણ અસરકારક રીતે કામ કરે છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં સતત ત્રીજે દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- કોરોના વેક્સિનેશનની ધીમી કામગીરીએ તંત્રની ચિંતા વધારી છે. આજે માત્ર ૮૦૦ વ્યક્તીઓનું જ વેક્સિનેશન થયુ છે.
- ૨૮મીએ પ્રધાનમંત્રી મોદીની ગાંધીનગર મુલાકાતને લઈ તંત્ર તેની તૈયારીમાં વ્યસ્ત બન્યુ છે.
- કોબા કમલમ્ ખાતે આજે એક દિવસીય મિડિયા ટીમની કાર્યશાળા યોજાઈ હતી.
- આજે આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટીકમુક્ત દિવસ છે.
- સે. ૨૧ ખાતે ટેકવોન્ડો એસો. અને ફિઝીયો વર્લ્ડ દ્વારા ત્રિદિવસીય સ્વરક્ષણ તાલિમનું મહિલાઓ માટે આયોજન કરાયુ હતુ.
- ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં આંતર માળખાકીય સુવિધાઓના કામો અંગેની ધીમી ગતિએ ગ્રામ્ય વિસ્તારમાં રોષની લાગણી જન્માવી છે.
- ક્વોરી ઉદ્યોગની હડતાલ સમેટાયા પછી મનપાએ તેના કામોમાં ગતિ લાવવા એજન્સીઓને તાકીદ કરી છે.
- જિલ્લા પંચાયતમાં છેલ્લા બે દિવસથી સભ્યો અને ચેરમેનોની આવન-જાવન વધી છે અને ગ્રુપ બેઠકોનો દોર ચાલી રહ્યો છે.
- સ્વર્ણિમ સંકુલમાં મુલાકાતીઓ ઘટી રહ્યા છે જો કે મંત્રીઓ પણ વિભાગો સાથેની બેઠકો કરી અને લક્ષ્યાંકને લઈ સમીક્ષાઓમાં વધુ વ્યસ્ત થયા છે.

## સોશિયલ મીડિયાના જમાનામાં અનોખો પ્રચાર



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં સવારે આકાશમાં ૧૦ થી ૧૧ વાગ્યાના સુમારે ચાર્ટર પ્લેન સાથે પ્રમુખ સ્વામીની શતાબ્દીનું બોર્ડ ઉડતું નજરે પડયુંહતું. જેનો નજારો જોવા નાગરિકો પણ ઘરની બહાર નીકળ્યા હતા. સોશિયલ મીડિયાના જમાનામાં પણ આ પ્રકારનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે.

## રાહેલબા વૃધ્ધાશ્રમમાં વડીલો માટે સેવાભાવી ગૃપ દ્વારા સેવાકાર્ય



ચિલોડા,તા. ૨૪

અમદાવાદ સ્થિત એક સેવાભાવી ગૃપ દ્વારા ધાર્મિક, સામાજિક અને અન્ય સેવાકીય પ્રવૃત્તિના અગ્રેસર દાતા નૈનેશભાઈ શાહ અને તેમનું મિત્રમંડળ ગ્રુપ મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમની સૌજન્ય મુલાકાત લેતાં આ સંસ્થાના આશ્રિતો, વૃધ્ધો-અશક્તોની અંતર ખબર પૂછી તેમની મુખ્ય સમસ્યા અને તકલીફને ધ્યાનમાં લેતાં વડીલો માટે સુવિધાયુક્ત સંડાસ-બાથરૂમ બનાવવા સેવાભાવી નાગરિકો અને ગ્રુપ દ્વારા તેમના સ્નેહી પરીવારના લંડન સ્થિત પુત્ર એમના મિત્રમંડળ તેમજ પરિચિત મિત્ર ગ્રુપ માતર તારાપુરના સેવાભાવી વ્યક્તિઓની મદદથી સંડાસ-બાથરૂમ બનાવી આપી પુણ્યનું ઉમદા કાર્યનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. સંસ્થા વતી નિર્મલાબેન અને યશવંતસિંહ ઝાલાએ આ સેવાકીય કાર્યોને બિરદાવી તેમના સમગ્ર સહયોગી ગ્રુપ મિત્રમંડળને સુખ સમૃદ્ધિ પ્રગતિના સોપાનો સર કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.



આમ તો શસ્ત્રો રાખવા ગુન્હો છે પરંતુ તલવાર જેવા શસ્ત્રો હજુ કેટલાક પરિવારોમાં સામાજિક રીત રીવાજો મુજબ રાખવામાં આવે છે. ખાસ કરીને રાજપૂતો અને ક્ષત્રિય પરિવારોમાં વાર તહેવારે તલવારની પૂજા કરવામાં આવે છે. તલવારને શૌર્યનું પ્રતિક સમજવામાં આવે છે. ચેરડી ફાટક નજીક શિહોરીથી તલવાર વેચવા માટે કેટલાક શખ્સો આવ્યા છે. શિહોરીની તલવાર વિખ્યાત છે.



ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે રાજકીય ગતિવિધિઓ વધી ગઈ છે. ઉત્તરપ્રદેશના પૂર્વ કેબીનેટ મંત્રી મહેન્દ્ર અરિદમનસિંહ હાલમાં ગુજરાતની મુલાકાતે આવ્યા છે. તેઓએ ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમની મુલાકાત લઈ રાજ્યની રાજકીય ગતિવિધિઓ અંગે જાણકારી મેળવી હતી અને આગેવાનો સાથે ચર્ચા વિચારણા કરી હતી.



રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા જે.એમ. ચૌધરી કોલેજ ખાતે જિલ્લાકક્ષાની ફેન્સીગં સ્પર્ધા યોજાઈ હતી. અગ્રણીઓ હરીભાઈ ચૌધરી, કૌશીક પટેલ અને ભરત ઠાકોરે ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતું.

# શહેરનો વિધર્મી યુવક યુવતિને ભગાડી ગયો

## બજરંગ દળ દ્વારા યુવતિને શોધી કાઢવા માંગ કરાઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરની ૧૯ વર્ષિય યુવતિને વધર્મી યુવક ભગાડીને લઈ જતા સકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોધાઈ છે. યુવતિના પિતા ફરીયાદ કરવા માટે પોલીસ મથકે પહોંચ્યા હતા. ત્યારે શખ્સના પિતા પહેલેથી પોલીસ મથકમાં હાજર જોવા મળ્યા હતા. જેથી બંન્ને પક્ષે હોબાળો મચ્યો હતો.જેને પગલે બજરંગ દળ મેદાન આવી ગયું હતું. તાત્કાલીક યુવતિને શોધી કાઢવા માટે પોલીસ પાસે માંગ કરવામાં આવી રહી છે.જયારે આ સમગ્ર મામલે સેકટર-૭ દ્વારા સગીરાની શોધખોળ કરવામાં આવી રહી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ યુવતિના ઘરમાંથી પોણ બે લાખ રૂપિયા પણ ગાયબ હતા. શહેરમાં રહેતી યુવતિના પિતાએ જણાવ્યું હતું કે મારી ૧૯ વર્ષિય દિકરીએ ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કર્યો છે. યુવતિ એર હોસ્ટેસનો પણ કોર્સ કરતી હતી. જો કે તેણે અધવચ્ચે અભ્યાસ છોડી દીધો હતો.ગઈ કાલે શાકભાજીની લારી ઉપર હતો. તે સમયે મારી બે દિકરીઓ ઘરે હતી. ત્યારે સાંજના સમયે મોટી દિકરી ઘરેથી પકોડી ખાવાનું કહીને ઘરેથી નીકળી ગઈ હતી. જયારે પોલીસ મથકમાં બે પરિવાર વચ્ચે હોબાળો થયો હતો. દિકરીને સેકટર-૧૪ માં રહેતો શખ્સ રીક્ષામાં બેસાડી લઈ ગયો હોવાનું મારી નાની દિકરીએ જોયુ હતું. જેની જાણ થતા અમે બધાએ આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. આખરે સેકટર-૭ પોલીસ મથકે ગયા હતા. જયાં શખ્સના પિતા પહેલે જ ઘરે હાજર રહ્યા નથી. વધુમાં તેમણે આક્ષેપ કર્યો હતો કે ઘરમાં તપાસ કરતા અંદાજીત પોણા બે લાખ રૂપીયા તેમજ ચાંદીની કાનની શેર પણ ગાયબ હતી. જયારે વિધર્મી શખ્સ કરીયાણાની દુકાન ચલાવતો હતો. બનાવ અંગે જાણ થતા બજરંગદળ કાર્યકરો મોટીસંખ્યામાં પોલીસ મથકે પહોંચી ગયા હતા.જયારે બજરંગ દળ દ્વારા સાંજસુધીમાં યુવતિને પરત લાવી દેવા માટેની માંગ કરી છે.

## પ્રિયંકા ગોલ્ડ ટાવરમાંથી મોબાઈલ-રોકડની ચોરી કરનાર આરોપી ઝડપાયો




ગાંધીનગર, તા.૨૪

આજથી પાંચ દિવસ અગાઉ અંબોડ ગામે આવેલા પ્રિયંકા ગોલ્ડ ટાવર ફલેટમાં મોબાઈલ ફોન તેમજ રોકડ રકમની ચોરી કરનાર શખ્સને ગણતરીના દિવસોમાં એલસીબી પોલીસે માણસા પંથકમાંથી પકડી પાડ્યો હતો. પોલીસે શખ્સ પાસેથી બે મોબાઈલ ફોન, તેમજ રોકડા રૂ.૭ હજાર મળી કુલ રૂ.૧૨,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એ.જી.એનુરકારે સહિતના ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે સમયે પો.કો ધિરેન્દ્રસિંહ અને દિગ્વિજયસિંહને ખાનગી રાહે બામતી મળી હતી કે બે દિવસ પહેલા અંબોડ ખાતે પ્રિયંકા ગોલ્ડ ટાવરમાં મોબાઈલ અને રોકડા રૂપીયાની ચોરી થઈ છે. આ ચોરી વિજાપુર ખાતે રહેતા મહેશ શંકરભાઈ અંસારી કરી છે અને હાલ તે માણસા બસ સ્ટેન્ડ પાસે હાજર છે. જેને પગલે એલસીબી ટીમ દ્વારા બાતમીવાળી જગ્યાએથી ઉપરોકત શખ્સ મહેશ ઉર્ફે સલીમ શંકરભાઈ અસારી (રહે.સિંધીવાસ રેલ્વે ફાટક પાસે વિજાપુર મુળ રહે.જામળા તા.હિંમતનગર) ને શંકાસ્પદ હાલતમાં પકડી પાડ્યો હતો. પોલીસે શખ્સની અંગજડતી લેતા તેની પાસેથી બે મોબાઈલ ફોન કિં.રૂ.૫૫૦૦ તેમજ રોકડ રકમ રૂ.૭૦૦૦ મળી આવી છે.

પોલીસે શખ્સ પાસેથી મોબાઈલ અને રોકડ અંગે આધાર પુરાવા માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. જેથી પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા ચાર દિવસ પહેલા અંબોડ ખાતે આવેલા મંદિરે દર્શન કરી મોડી રાતના અંબોડ ગામના રોડ પર આવ્યા હતા. ત્યારબાદ પ્રિયંકા ગોલ્ડ ટાવરની ફલેટની દિવાસ કુદી અંદર ગયા હતા. ત્યાં ખાલી ફલેટ હોવાથી સુઈ રહેલા મજુરના સામાનની થેલીઓમાંથી સાતેક હજાર રોકડા અને બીજા ફલેટની ગેલેરીની બારીમાંથી પ્રવેશ કરી અંદર સુઈ ગયેલા વ્યકિતઓની પથારીમાંથી બે મોબાઈલ ફોનની ચોરી કરી હોવાની કબુલાત કરી છે. જેથી પોલીસે રેકર્ડ પર તપાસ કરતા માણસા પોલીસ મથકે ગુનો નોંધાયો છે.જયારે આરોપી પાસેથી પોલીસે રૂ.૧૨,૫૦૦ નો મુદ્દામાલ ચોરી થતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

## મુખ્યમંત્રીનો ઓનલાઈન જનફરિયાદ નિવારણ અંગેનો રાજ્યકક્ષાનો 'સ્વાગત' ગુરૂવાર ૨૬ મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આગામી ગુરૂવાર, તા.૨૬મી મે-૨૦૨૨ એ રાજ્યકક્ષાના 'સ્વાગત' ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ગાંધીનગર ખાતે અરજદારોની રજૂઆતો પ્રત્યક્ષ સાંભળશે તેમજ તેમની સમસ્યાના યોગ્ય ઉકેલ માટે જરૂરી કાર્યવાહી હાથ ધરશે.

રાજ્યના નાગરિકો-જનતા જનાર્દનની ફરિયાદો રજૂઆતોના ટેક્નોલોજીના માધ્યમથી સંવાદ-માર્ગદર્શન દ્વારા નિવારણનો આ ''સ્ટેટ વાઈડ એટેન્શન ઓન પબ્લીક ગ્રિવન્સીસ બાય એપ્લીકેશન ઓફ ટેક્નોલોજી'' સ્વાગત કાર્યક્રમ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તેમના મુખ્યમંત્રી પદ કાળ દરમ્યાન ૨૦૦૩ થી શરૂ કરાવેલો છે. એટલું જ નહિ આ સ્વાગત કાર્યક્રમને ગુડ ગવર્નન્સ માટેના તેમજ પ્રજાજનોની સમસ્યાના સુચારુ નિવારણ માટેની શ્રેષ્ઠતા અંગેના યુ.એન એવોર્ડ સહિતના અનેક એવોર્ડ પણ મળેલા છે.

આ 'સ્વાગત' કાર્યક્રમ અંતર્ગત દર મહિનાના ચોથા ગુરૂવારે યોજાતા રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રી નાગરિકોની ફરિયાદો રજૂઆતો પ્રત્યક્ષ સાંભળે છે.

તદઅનુસાર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સ્વર્ણિમ સંકુલ-૨ ના ભોંયતળિયે અદ્યતન ટેક્નોલોજી-સુવિધાથી સજ્જ વિશાળ બેઠક ક્ષમતા સાથેના નવનિર્મિત સ્વાગત કક્ષમાં તા. ૨૬મી મે-૨૦૨૨ ગુરૂવારે બપોરે ૩ કલાકે આ રાજ્ય સ્વાગત કાર્યક્રમ યોજવાના છે.

તાલુકાકક્ષાનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ પ્રતિમાસના ચોથા બુધવારે તેમજ જિલ્લા સ્વાગત ચોથા ગુરૂવારે સવારે યોજવામાં આવે છે. મુખ્યમંત્રી રાજ્ય સ્વાગત કાર્યક્રમ બાદ જિલ્લાકક્ષાએથી વિડીયો કોન્ફરન્સ દ્વારા સહભાગી થયેલા જિલ્લા અધિકારીઓનું માર્ગદર્શન પણ કરશે.

## સમૂહલગ્ન સમારોહ બાદ ફેલાયેલા કચરાને સાફ કરતા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન



ગાંધીનગર, તા. ૨૪

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સફાઈ પર સતત ભાર મુકે છે. દેશને સ્વચ્છ અને સૂંદર બનાવવાના તેમના વિઝનને સાકાર કરવા ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટે. કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલે જહેમત ઉઠાવી છે. સમૂહલગ્ન સમારોહ બાદ ફેલાયેલા કચરાને જશવંતભાઈ પટેલ, સામાજિક કાર્યકરો અને ભાજપના આગેવાનો દ્વારા સાફ કરીને નવો ચીલો શરૂ કરવામાં આવ્યો છે.

ગત ૨૨ મે ના રોજ અડાલજ ના પરચાધામ રામદેવપીર મંદિર ખાતે ગુજરાત રામાનંદ સાધુ સમાજ દ્વારા સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષભાઈ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. ચેરમેન જશવંતભાઈ પટેલ, ગૌરાંગભાઈ પટેલ તથા જદુરામ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. સમૂહ લગ્ન સમારોહ બાદ રસ્તા ઉપર એઠવાડ, પ્લાસ્ટિકની બોટલો વગેરે કચરો જમાં થયો હતો. જે જશવંતભાઈને ધ્યાને આવતા તેમણે આયોજકો, કાર્યકરો અને વોર્ડના કોર્પોરેટરો, હોદ્દેદારો તેમજ કાર્યકરો સાથે મળીને સફાઈ કરવાની સૂચના આપી હતી અને તારીખ ૨૩ મે ના રોજ વહેલી સવારે સ્થળ પર જઈને સફાઈ કામગીરી કરી હતી. આ સફાઈ અભિયાનમાં સ્ટે. ચેરમેન જશવંતભાઈ પટેલની સાથે પરચાધામ બાપુ બાબુજી ફુલાજી ઠાકોર, સંજયભાઈ વાણીયા, જિગરભાઈ આસોડિયા, રવિભાઈ વાઘેલા, પદ્મકાંતભાઈ પટેલ, જીતુભાઈ રમચન્દાની, ગોવિંદભાઈ વાઘેલા, પી.એસ. સાધુ, શ્રવણભાઈ સાધુ, મંગળદાસ સાધુ પણ સહભાગી થયા હતા અને સમગ્ર જગ્યાને કચરા મુક્ત કરી હતી.

# અધ્યાપક સહાયકોની સળંગ નોકરી ગણવા શિક્ષણમંત્રીને રજુઆત




ગાંધીનગર,તા.૨૪

અધ્યાપક સહાયકોની સળંગ નોકરી ગણવા મુદ્દે આજે રાજયભરમાંથી ૩૦૦ થી વધુ અધ્યાપક સહાયકો ગાંધીનગર ખાતે એકઠા થયા હતા.અધ્યાપક સહાયક મંડળ દ્વારા આજે શિક્ષણમંત્રી અને નાણામંત્રીને આવેદન પત્ર પાઠવી સત્વરે યોગ્ય કરવા રજુઆત કરાઈ છે. સુત્રો દ્વારા મળતીવિગત મુજબ રાજયની ૩૫૦ થી વધુ અનુદાનિક કોલેજોમાં વર્ષ ૨૦૦૭ થી અધ્યાપકોની ભરતી રાજય સરકાર દ્વારા કેન્દ્રીય-કૃત મેરીટ અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન ની જોગવાઈ પ્રમાણેની લાયકાતને આધારે પ્રથમ પાંચ વર્ષ ફિકસ પગારમાં અધ્યાપક સહાયક તરીકે ગણવામાં આવે છે. અધ્યાપક સહાયકોની પાંચ વર્ષ ફિકસ પગારની સેવાઓને સળંગ સેવા તરીકે ગણીને બઢતી, ઉચ્ચતર પગાર ધોરણ, નિવૃતીના લાભો સહિતની માંગણીઓ વર્ષોથી પડતર પડી છે. સરકાર સમક્ષ છેલ્લા ૭ વર્ષમાં ૨૦૦ થી વધુ વખત રજુઆત કરવામાં આવી છે. પરંતુ આજદિન સુધી અધ્યાપક સહાયકોની લાગણી હજુ સુધી સરકારના કાન સુધી પહોંચી નથી. ત્યારે અધ્યાપક સહાયકોની સાથે વર્ષોથી અન્યાય થતો હોય તેવી લાગણી અધ્યાપકો અનુભવી રહ્યા છે. રાજય સરકાર દ્વારા કુલ ૨,૩૦,૦૯૬ જેટલા કર્મચારીઓની નોકરી સળંગ ગણીને બઢતી, ઉચ્ચતર પગાર ધોરણ અને નિવૃતિ વિષયક લાભો આપવામાં આવ્યા છે. પરંતુ અધ્યાપક સહાયકોને ઉકત પ્રકારના લાભોથી વંચિત રાખવામાં આવ્યા છે. અધ્યાપક સહાયક મંડળના પ્રમુખ શશીકાંત તૈરેયાએ જણાવ્યું છે કે જો ફિકસ પગારના શિક્ષક સહાયકોની નોકરી સળંગ ગણવામાં આવતી હોય તો ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપક સહાયકોની ફિકસ પગારની નોકરી સળંગ ગણવી જોઈએ તેવો શુર અધ્યાપક સહાયકોમાં ઉઠવા પામ્યો છે. અધ્યાપક સહાયકોની ફિકસ પગારની નોકરી સળંગ સેવા ગણીને બઢતી, ઉચ્ચતર પગાર ધોરણ, નિવૃતિ વિષયક લાભો આપવામાં આવે તેવી અધ્યાપક સહાયક મંડળ દ્વારા આજે શિક્ષણમંત્રી અને આવેદન પત્ર પાઠવી રજુઆત કરાઈ છે.